## **ફોજદારી કેસ નંબર ૩૯૬૯૪/૧૭   ના કામે આંક–૧ લગત હુકમ**

હાલના કેઈસમાં, આરોપીઓ અમદાવાદ સીટીનાં સ્થાનીક રહેવાસી છે અને તેઓ વિરુધ્ધ પ્રોહી.૬૬(બી),૬૫(ઈ)   મુજબના શીક્ષાપાત્ર ગુન્હા સબબનું ચાર્જશીટ થયેલ છે.

રેકર્ડ જોતા, કેઈસ ૫  વર્ષ જુનો છે, ઘણા લાંબા સમયથી આરોપીઓ વિરૂધ્ધ પકકડ વોરંટ કાઢવા છતા તેમજ આરોપી અમદાવાદ સીટીનાં રહેવાસી હોવા છતા પોલીસ તરફ મોકલવામાં આવેલ આરોપી વિરૂધ્ધના પકકડ વોરંટો બજે કે વગર બજે પરત ફરેલ નથી કે આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ નથી. વળી, આરોપીના જામીનદારને નોટીસ કાઢતા, આરોપીઓના જામીનદાર પણ મળી આવતા નથી. આમ, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસતંત્રને હવે વધુ તકો આપવી ઉચીત જણાતુ નથી.

પી.રામચંદ્ર રાવ વિરૂધ્ધ કર્ણાટક રાજય – ૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નંબર–૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટના ચૂકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની બેંચે ઠરાવેલ છે કે, "*The Criminal Courts should exercise their available powers, such as those under Sections 309, 311, 258 of the Code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial.*" આ ઉપરાંત, આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.ડી.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭–૧૦–૨૦૦૬માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા નિચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસતંત્રને મર્યાદિત તકો આપી, યોગ્ય કીસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે.

આમ, કાયદાની ઉપરોકત પરિસ્થિતીનાં પ્રકાશમાં હાલનાં કેઈસનાં સંજોગો જોતા, પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેથી હવે પોલીસતંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતુ નથી. આ સંજોગોમાં નિચે મુજબ આખરી હુકમ કરુ છું.

### **આખરી હુકમ**

ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮ હેઠળ મળેલ સતાની રૂએ હાલના કેઈસના પ્રોસીડીંગ્ઝ સ્ટોપ કરવાનો આદેશ કરવામાં આવે છે અને આ કામના આરોપીઓને પ્રોહી.એકટ ની કલમઃ ૬૬(બી),૬૫(ઈ)મુજબના શીક્ષાપાત્ર ગુન્હાના કામમાંથી બિનતહોમત છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે. ઉપરોકત હુકમ મુજબ હાલનો કેઈસ ફેંસલ કરવામાં આવે છે.

લોક અદાલત, અમદાવાદ.(સ્પેશ્યલ સીટીગ)
તારીખઃ ૧૧–૧૨–૨૦૨૧

(હીતેશ જયંતિલાલ તન્ના )
એડી.ચીફ મેટ્રો. મેજી., કોર્ટ નં.૭,
જજ કોડ નં.જી.જે.૦૦૯૫૫

***Self.***